પ્રેસ રિલીઝ

પ્રેસ રિલેશન ડિવિઝન, સેન્ટ્રલ ઓફિસ
પોસ્ટ બોક્ષ 406, મુંબઇ 400 001
ફોન: 2266 0502 ફેક્સ: 2266 0358, 2270 3279

રિઝર્વ બેન્ક
ઓફ ઇન્ડિયા
ઇન્ટરનેટ પર આરબીઆઇ
http://www.rbi.org.in
Email: helpprd@rbi.org.in

4 ફેબ્રુઆરી, 2004

## રેસિડેન્ટ ઇન્ડિવિડયુઅલ્સ માટે 25,000 યુએસ ડોલર યોજનામાં ઉદારીકરણ

ભારતીય નિવાસી વર્ષ દીઠ 25,000 યુએસ ડોલરનો કોઇ પણ હેતુસર આર્થિક વ્યવહાર કરી શકશે. તેમાં કરન્ટ એકાઉન્ટ કે કેપિટલ એકાઉન્ટના ભેદ વિના વહીવટ કરી શકવાની છૂટ રિઝર્વ બેંક આપે છે.

ભારતીય નિવાસી વ્યક્તિગત ધોરણે આ સુવિધાનો લાભ યોજના મુજબ લઇ શકશે. આ સુવિધામાં કેલેન્ડરના વર્ષ મુજબ 25,000 યુએસ ડોલર્સ સુધીની રકમ કરન્ટ કે કેપિટલ એકાઉન્ટમાંથી અથવા તો બંનેમાંથી ભેગા કરી મોકલાવી શકશે. આ સુવિધા હેઠળ ભારતીય નિવાસી વ્યકિતગત ધોરણે વિદેશમાં સ્થાયી મિલ્કત અથવા શેર રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી વિના મેવવા પાત્ર ઠરે છે. આ ઉપરાંત વિદેશમાં ફોરેનકરન્સી ખાતુ ખોલાવી તેને મેન્ટેન કરવા માટે પણ રિઝર્વ બેંકની મંજૂરી લેવી નહીં પડે. ફોરેન કરન્સી એકાઉન્ટનો ઉપયોગ યોજના અનુસાર કરવાનો રહેશે.

આ સુવિધા અંતર્ગત પ્રાઇવેટ ટ્રાવેલ, બિઝનેસ ટ્રાવેલ, ગિફ્ટ રેમિટેન્સિસ, દાન, અભ્યાસ, મેડિકલ ટ્રીટમેન્ટ, વગેરે બાબતોનો સમાવેશ થાય છે. જોકે સુવિધાનો ઉપયોગ પ્રતિબંધિત બાબતો માટે થઇ શકશે નહીં. ફેમા અંતર્ગત લોટરી ખરીદવી, પ્રતિબંધિત મેગેઝિન ખરીદવા, જેવી બાબતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ યોજના હોઠળ પ્રત્યક્ષ રીતે વ્યવહારો ભૂતાન, નેપાળ, મોરિશિયસ, પાકિસ્તાન જેવા દેશો સાથે કરી શકાશે નહીં, જેને ફિનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)એ નોન કોઓપરેટિવ દેશો અને આંતકવાદીનું બિરૂદ આપ્યું છે.

અરજદારોએ પોતાનો પાન નંબર આપવાનો રહેશે તથા માન્યતા પ્રાપ્ત ડિલર કે બેંકની મુદતી તપાસ કરવી. ઓથોરાઇઝડ ડિલર્સે પણ ગ્રાહકને આ સુવિધા આપતા પહેલાં નો યોર કસ્ટમર (કેવાયસી) અને એન્ટી મની લોન્ડરીંગ રૂલ્સ મુજબ ચકાસણી કરવી.

આ યોજના ટૂંકસમયમાં જ અમલી બનશે.

અજિત પ્રસાદ
પ્રબંધક

પ્રેસ રિલીઝ: 2003-2004/942